## આવતીકાલથી ૧૬ વર્ષીય મુમુક્ષુ રૂચિ સંયમના માર્ગે પ્રયાણ કરશે

ગાંધીનગર, તા. ૨૫

વર્તમાન યુગમાં જ્યાં ભૌતિક સુખ સાધનોની સીમા આકાશને આંબી રહી છે ત્યાં ચાંદખેડા નજીક ડીકેબીન વિસ્તારમાં રહેતી માત્ર ૧૬ વર્ષીય કુમારી રૂચિ સંયમ અને મુક્તિ પ્રાપક પ્રવજ્યાના માર્ગે મુમુક્ષુ બની દિક્ષા લેવા જઈ રહી છે. રૂચિનો દિક્ષા પ્રવજ્યા સમારોહ તા. ૨૭મી મે બુધવારે આઈઓસી રોડ પર ચાંદખેડાની અરિહંતનગર સોસાયટી ખાતે યોજાશે.

મુમુક્ષુ રૂચિનું ડહેલાવાળા સમુદાયના વર્તમાન ગચ્છનાયક સાધ્વી પ્રિયરત્નાજીબેન મ.સા. દ્વારા સંસ્કારદાન થઈ રહ્યું છે. આ પ્રસંગે વર્તમાન ગચ્છનાયક પૂ. વિજય અભયદેવ સૂરીશ્વરજી મહારાજ સાહેબ વિશાલ આચાર્ય પદસ્થ શ્રમણ-શ્રમણી પરિવાર સહિત પધારશે. આ સાથે અનેક નામી સિદ્ધ શ્રમણો મોટી સંખ્યામાં પધારનાર છે. મુમુક્ષુ રૂચિ મૂળ પ્રાંતિજ નિવાસી અને હાલ મુંબઈ ખાતે રહેતા સુપ્રસિદ્ધ જૈન સંગીતકાર રાકેશ જશુભાઈ શાહ અને જીનલબેનના પુત્રી છે અને તેમણે તાજેતરમાં ધો. ૧૦ના બોર્ડની પરીક્ષા આપેલ છે જેનું પરિણામ નજીકના જ સમયમાં આવનારૂ છે. અભ્યાસમાં હંમેશા તેજસ્વી રહેલી રૂચિ પંચ પ્રતિક્રમણ નવસ્મરણ ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ, વૈરાગ્ય શતક, વિતરાગ સ્તોત્ર-તત્વાર્થ, ૬૦ સ્તવન અને થોપ જોડા આદિનું જ્ઞાન ધરાવે છે. તેઓએ ઉપધાન તપ-ચૌસઠ પ્રહરી પૌષધ, વર્તમાન તપની આઠ ઓળી, નવપદ ઓળી, અઠ્ઠાઈ-જ્ઞાન પંચમી આરાધના અને ચૈત્રી મુનમની આરાધના સિદ્ધ કરેલ છે.

# જાહેરનામાના ભંગ બદલ સે-૨૨ના ત્રણ વેપારીઓ સામે પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરના સેકટર-૨૨ના કૈલાસ કૃપા કોમ્પ્લેક્ષમાં એલ.સી.બી.ની ટીમે ભારે સપાટો બોલાવ્યો હતો. અને દુકાનમાં સી.સી.ટીવી કેમેરા ન રાખી જાહેરનામાનો ભંગ કરનાર ત્રણ વેપારી સામે કાર્યવાહી કરી કેસ કર્યા હતા. જેની વધુ તપાસ સે-૨૧ પોલીસ ચલાવી રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરમાં દિન પ્રતિદિન બનતા ગુનાઓને રોકવા અને આરોપીઓને પકડવા તેમજ તેમની ઓળખવિધિ મેળવવા તેમજ અસામાજિક પ્રવૃત્તિઓને ડામવા ઉપરાંત મિલકત સંબંધિત ગુનાઓને અટકાવવા જિલ્લા કલેકટરનું જાહેરનામું અમલી છે. જેમાં વેપારીને પોતાની દુકાન-ઓફિસમાં ફરજીયાત સી.સી.ટીવી કેમેરા લગાવવા સૂચનાઓ આપવામાં આવી છે તેમ છતાં હજુ પણ કેટલાક વેપારીઓ કેમેરા ના લગાવી જાહેરનામાનો બિન્દાસ ભંગ કરી રહ્યા છે. આજે ગાંધીનગર એલસીબી ટીમના કર્મીઓ પેટ્રોલિંગમાં હતા દરમિયાન સેકટ-૨૨માં આવેલ કૈલાસ કૃપા કોમ્પ્લેક્ષમાં ઓચિંતુ ચેકીંગ હાથ ધર્યું હતું. જેમાં ઉમિયા ટ્રેડિંગ કંપની, ઉમિયા સોડા શોપ, ક્રિષ્ના આઈસ્ક્રીમ, અને કેલાસ સાગર ગીફ્ટ શોપમાં સી.સી. ટીવી કેમેરા ન લગાવાતા અને જિલ્લા કલેકટરના જાહેરનામાનો ભંગ કરવા બદલ ત્રણેય વેપારી વિરૂધ્ધમાં ગુનો નોંધાયો હતો. જિલ્લા કલેકટરના જાહેરનામાનો ભંગ કરનાર વેપારી સુરેશ આત્મારામ પટેલ (રહે. ગાંધીનગર), સંજય વનરાજ પટેલ (રહે. સે-૨૪) ને દિલીપ મહેન્દ્રભાઈ પટેલ (રહે. શેરથા) સામે સે-૨૧ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવતા પોલીસે ગુનો નોંધી ત્રણેય સામે કાર્યવાહી હાથ ધરી છે.

## ગાંધીનગર તાલુકા પંચાયતના નવા સીમાંકનમાં ૩૬ બેઠકો

| અનું | તાલુકા પંચાયતનું નામ | મતદાર મંડળની વિગત | | મતદાર મંડળનો ક્રમાંક | | ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|
| | | સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | અનુસૂચિત જાતિ | અનુસૂચિત આદિજાતિ | |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૪(૧) | ૪(૨) | ૫ |
| ૧ | ગાંધીનગર | ૧ | અડાલજ-૧ | ૧૭ | ૧૭ | સા.શૈ.પછાતવર્ગ સ્ત્રી |
| | | ૨ | અડાલજ-૨ | ૬ | ૩ | સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી |
| | | ૩ | આદરજ મોટી | ૩૩ | ૨૮ | સા.શૈ. પછાતવર્ગ |
| | | ૪ | ભાટ | ૨ | ૭ | અનુસૂચિત જાતિ |
| | | ૫ | છાલા | ૧૯ | ૧૮ | સા.શૈ. પછાતવર્ગ |
| | | ૬ | ચિલોડા(ડભોડા) | ૨૫ | ૪ | સામાન્ય સ્ત્રી |
| | | ૭ | ચિલોડા(નરોડા) | ૧૮ | ૧ | અનુસૂચિતઆદિજાતિસ્ત્રી |
| | | ૮ | ડભોડા-૧ | ૨૭ | ૨૨ | સામાન્ય સ્ત્રી |
| | | ૯ | ડભોડા-૨ | ૨૦ | ૨૪ | સામાન્ય સ્ત્રી |
| | | ૧૦ | ધણપ | ૯ | ૨૭ | સામાન્ય સ્ત્રી |
| | | ૧૧ | દોલારાણા વાસણા | ૩૧ | ૧૯ | સામાન્ય સ્ત્રી |
| | | ૧૨ | ખોરજ | ૩૬ | ૨૧ | સામાન્ય સ્ત્રી |
| | | ૧૩ | કોબા | ૨૨ | ૯ | સામાન્ય સ્ત્રી |
| | | ૧૪ | કોલવડા-૧ | ૧૩ | ૧૦ | સામાન્ય સ્ત્રી |
| | | ૧૫ | કોલવડા-૨ | ૧૨ | ૧૧ | સામાન્ય સ્ત્રી |
| | | ૧૬ | કુડાસણ | ૩૨ | ૧૨ | સામાન્ય સ્ત્રી |
| | | ૧૭ | મગોડી | ૩૦ | ૩૪ | સામાન્ય સ્ત્રી |
| | | ૧૮ | પોર | ૨૪ | ૨૯ | સામાન્ય સ્ત્રી |
| | | ૧૯ | પ્રાંતિયા | ૩ | ૧૬ | સામાન્ય સ્ત્રી |
| | | ૨૦ | રાયપુર | ૨૬ | ૩૧ | સામાન્ય સ્ત્રી |
| | | ૨૧ | રાંધેજા-૧ | ૫ | ૧૪ | બિન અનામત સામાન્ય |
| | | ૨૨ | રાંધેજા-૨ | ૧૪ | ૨૩ | બિન અનામત સામાન્ય |
| | | ૨૩ | રૂપાલ | ૮ | ૩૨ | બિન અનામત સામાન્ય |
| | | ૨૪ | સાદરા | ૨૮ | ૧૩ | બિન અનામત સામાન્ય |
| | | ૨૫ | સરઢવ | ૭ | ૨૫ | બિન અનામત સામાન્ય |
| | | ૨૬ | શાહપુર | ૨૯ | ૩૫ | બિન અનામત સામાન્ય |
| | | ૨૭ | શેરથા | ૧૫ | ૨૧ | બિન અનામત સામાન્ય |
| | | ૨૮ | સિહોલી મોટી | ૨૩ | ૮ | બિન અનામત સામાન્ય |
| | | ૨૯ | ટીંટોડા | ૩૪ | ૩૦ | બિન અનામત સામાન્ય |
| | | ૩૦ | ઉનાવા | ૧૦ | ૨૬ | બિન અનામત સામાન્ય |
| | | ૩૧ | ઉવારસદ | ૩૫ | ૩૬ | બિન અનામત સામાન્ય |
| | | ૩૨ | વડોદરા | ૧૧ | ૩૩ | બિન અનામત સામાન્ય |
| | | ૩૩ | વલાદ | ૨૧ | ૧૫ | બિન અનામત સામાન્ય |
| | | ૩૪ | વાવોલ-૧ | ૪ | ૨ | બિન અનામત સામાન્ય |
| | | ૩૫ | વાવોલ-૨ | ૧૬ | ૫ | બિન અનામત સામાન્ય |
| | | ૩૬ | ઝુંડાલ | ૧ | ૬ | બિન અનામત સામાન્ય |

# ઉવારસદ ગામે દારૂના જથ્થા સાથે ત્રણ બુટલેગરોની ધરપકડ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર નજીકના ઉવારસદ ગામે વહેલી સવારે બાતમીના આધારે અડાલજ પોલીસની ટીમે દરોડો પાડી ત્રણ અલગ અલગ સ્થળોએથી દેશી-વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. જેમાં ત્રણ આરોપી બુટલેગરોની પણ ધરપકડ કરવામાં આવી છે. અડાલજ પોલીસે તમામ વિરોધી ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર નજીકના ઉવારસદ ગામે કેટલાક બુટલેગરો દેશી-વિદેશી દારૂનું ખુલ્લેઆમ વેચાણ કરતા હોવાની બાતમી અડાલજ પોલીસને મળી હતી. જે બાતમીના આધારે આજે પોલીસ ટીમે વહેલી સવારે બાતમી સ્થળે દરોડો પાડ્યો હતો. જેમાં ટીના લાલાભાઈ ઠાકોરના ઘરેથી ૩૪ લીટર દેશી દારૂ, બાલા રવાજી ઠાકોરના ઘરેથી ૧૨ લીટર દેશી દારૂ અને વિજય સિદ્ધરાજ ઠાકોર પાસેથી પાંચ નંગ વિદેશી દારૂની બોટલ જપ્ત કરી હતી. પોલીસ તમામ આરોપીઓની મુદ્દામાલ સાથે ધરપકડ કરી હતી અને તમામ વિરૂદ્ધ અડાલજ પોલીસમથકમાં ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. જેની તપાસ હે. કો. વસંતકુમાર ડાહ્યાભાઈ અને પી.એસ.આઈ. ટી.બી. રાઠોડ ચલાવી રહ્યા છે.

# મોદી સરકારના વિરોધમાં 'આપ' આજે અચ્છે દિનની શોકસભા યોજશે

ગાંધીનગર, તા.૨૫

ગુજરાત રાજયના તત્કાલીન મુખ્યપ્રધાન અને હાલના ભારત દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકારને આજે ૧ વર્ષ પૂર્ણ થઈ રહ્યું છે. મોદી સરકારે ચૂંટણી જીતવા માટે કોથળા ભરીને વચનો આપ્યા હતા પરંતુ એક પણ વચન પૂર્ણ કરવામાં આવ્યું નથી. તેવો આક્ષેપ ગુજરાત આમ આદમી પાર્ટી દ્વારા કરવામાં આવ્યો છે. તેના વિરોધમાં ગુજરાત 'આપ' આજે અચ્છે દિનની શોકસભા યોજશે.

આમ આદમી પાર્ટી સમગ્ર દેશમાં આજે મંગળવારે અચ્છે દિનની સરકાર સામે શોકસભા યોજશે. ગુજરાતના તમામ જિલ્લાઓમાં એક સાથે સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ કલાક દરમિયાન શોકસભાનું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદમાં અંજલિ સિનેમા ખાતે શોકસભા યોજશે.

કોણીએ ગોળ લગાડવાની કલામાં પારંગત એવા ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી વાઈબ્રન્ટ ગુજરાત અને વિકાસની મોટી મોટી વાતો એક દાયકા સુધી કરતાં રહ્યા પણ આજે ન તો ૫૦ લાખ મકાનો બાંધવાનું વચન પુરું કર્યું છે ન તો ૭૦ હજાર કરોડના બજેટ બાદ નર્મદાની કેનાલોનું કામ પુરું થયું છે ન તો ભ્રષ્ટાચાર અને મોંઘવારીમાં કોઈ ફેર પડયો છે. અમુક મનપસંદ કોર્પોરેટ કંપનીઓને મફતના ભાવે જમીનોની લ્હાણી કરવી અને બાકીનો વખત રિવરફ્રન્ટ અને કાંકરિયાળું તળાવ દેખાડીને ગુજરાતની ભોળી જનતા વચ્ચે વિકાસના ગુબ્બારા છોડવા એ જ એમનું વિકાસનું મોડલ રહ્યું છે.

આજે વડાપ્રધાન થયા બાદ, એમના એક વરસ પહેલાના અચ્છે દિનના વચન યાદ કરીએ અને એનો હિસાબ માગીએ ત્યારે ખબર પડે કે ફાંકા ફોજદારી અને વાયદા વચનનું જે મોડલ તેમણે ગુજરાતને પીરસેલું એજ મોડલ તેઓ દેશમાં ચલાવી રહ્યા છે.અચ્છે દિન આયેંગે, કાલે ધન કો લાએંગે, એમ કહી દરેક નાગરિકના ખાતામાં રૂપિયા ૧૫ લાખ જમા કરાવવાનું વચન આપેલું, પણ ૧૫ પૈસા કોઈના ખાતામાં જમા થયા નથી. બહુત હુઆ કિસાન પે અત્યાચાર, અબ કી બાર મોદી સરકાર એવી જાહેરાતો કરી પણ તેમના વડાપ્રધાન બન્યા બાદ હજજારો ખેડૂતોએ આત્મહત્યાઓ કરી છે અને તોય જાણે ધરાયા ના હોય એમ મરવાના વાંકે જીવી રહેલા આ બેહાલ ખેડૂતોનો એકડો જ ભૂંસી નાખવા ભૂમિઅધિગ્રહણ બિલની તલવાર વીંઝી રહ્યા છે. જગતના તાતને જગતની કોઈ સરકારે આટલો રંજાડયો નથી. બહુત હુઆ નારી પે અત્યાચાર, અબકી બાર મોદી સરકાર એવો નારો આપેલો પણ બહેનોની સુરક્ષાના નામે મીંડુ છે, ચૂંટણી વખતે કામદારો કર્મચારીઓના વોટ લેવા પોતાને કામદાર કહેનારા નરેન્દ્ર મોદીએ મજૂર કાયદાઓની એવી દશા કરી છે કે શોષણ ઓર તીવ્ર બનવાનું છે. મોંઘવારીમાં તસુ ભાર ફેર પડયો નથી. ભ્રષ્ટાચાર એવો છડે ચોક કર્યો છે કે ન પુછો વાત. વડાપ્રધાન બનતાની સાથે કોર્પોરેટ કંપનીના ૫.૩૨ લાખ કરોડનો ટેક્ષ માફ કરી દીધો, ખેડૂતોના દેવા માફ થતા નથી. એજ છે અચ્છે દિનની અસલી સચ્ચાઈ. એટલે જ આ અચ્છે દિનના વાયદા વચનનો હિસાબ આમ આદમી પાર્ટી શોક સભા ઉજવી માંગશે.

# CBSE ધોરણ-૧૨નું ૮૨.૦૨ ટકા પરિણામ

અમદાવાદ, તા.૨૫

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેન્ડરી એજ્યુકેશન દ્વારા માર્ચ-એપ્રિલ ૨૦૧૫માં લેવામાં આવેલી ધોરણ ૧૨ની પરીક્ષાનું પરિણામ જાહેર કરી દેવામાં આળ્યા છે. આ પરીક્ષાનું સરેરાશ પરિણામ ૮૨.૦૨ ટકા જાહેર કરવામાં આવ્યું છે જેમાં ફરી એકવાર વિદ્યાર્થીઓની તુલનામાં વિદ્યાર્થીનીઓ બાજી મારી ગઈ છે. વિદ્યાર્થીઓનું સરેરાશ પરિણામ ૭૭.૭૭ ટકા રહ્યું છે જયારે વિદ્યાર્થીનીઓનું સરેરાશ પરિણામ ૮૭.૫૬ ટકા રહ્યું છે. દિલ્હીની એમ ગાયત્રીએ ૯૯.૨ ટકા સાથે ઓલ ઈન્ડિયા સ્તરે પ્રથમ ક્રમ મેળવ્યો છે. તેણે ૫૦૦માંથી ૪૯૬ માર્ક્સ મેળવ્યા છે જયારે નોઈડાની એમટી ઈન્ટનેશનલ સ્કૂલની વિદ્યાર્થીની મૈથીલી મિશ્રા ૯૯ ટકા સાથે ઓલ ઈન્ડિયા લેવલે બીજા ક્રમે રહી છે. તેણે ૫૦૦માંથી ૪૯૫ માર્ક્સ મેળવ્યા છે. અમદાવાદમાં સાયન્સ વિભાગમાં બોપલની દિલ્હી પબ્લિક સ્કુલનો વિદ્યાર્થી ભરત ખંડેવાલે ૯૭.૨ ટકા માર્ક્સ મેળવીને શહેરમાં પ્રથમ ક્રમે રહ્યો છે જ્યારે તૃપ્તિ ઈન્ટરનેશનલ સ્કુલનો વિદ્યાર્થી અજય રાહુલ ૯૭.૦૦ ટકા સાથે શહેરમાં બીજા ક્રમે રહ્યો છે. અજયે ૫૦૦માંથી ૪૮૫ માર્ક્સ મેળવ્યા છે જ્યારે કોમર્સ વિભાગમાં બોપલની અંચલ શર્મા ૯૭.૮ ટકા માર્ક્સ સાથે પ્રથમ ક્રમે રહી છે. અંચલે ૫૦૦માંથી ૪૮૯ માર્ક્સ મેળવ્યા છે જ્યારે મેઘાની ધુરાની ૯૫.૦૦ ટકા સાથે બીજા ક્રમે રહી છે. મેઘાનીએ ૫૦૦માંથી ૪૭૫ માર્ક્સ મેળવ્યા છે. ઉલ્લેખનીય છે કે, બીજી માર્ચથી ૨૦મી એપ્રિલ દરમિયન લેવાયેલી ધોરણ ૧૨ની પરીક્ષામાં દેશભરમાંથી ૧૦૪૦૩૬૮ વિદ્યાર્થઈઓએ પરીક્ષા આપી હતી જેમાં ૬૦૭૩૮૭ વિદ્યાર્થીઓ અને ૪૩૨૯૮૫ વિદ્યાર્થીનીઓનો સમાવેશ થાય છે.

# ફાઈનલ મેચ પર સટ્ટો રમાડતા બે બુકી ઝડપાયા

અમદાવાદ, તા.૨૫

પીસીબી દ્વારા ગઈકાલે આઈપીએલની રમાયેલી ફાઈનલ મેચ પર સટ્ટો રમાડતા બે બુકીને પકડી પાડ્યા છે. અમદાવાદના સીજી રોડ વિસ્તારના એક એપાર્ટમેન્ટમાં સટ્ટો રમાડતા હોવાની બાતમી મળતા પીસીબીએ દરોડો પાડીને બે બુકીઓને પકડી પાડ્યા છે. પોલીસે આ આરોપીઓ પાસેથી ૮૫ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો છે તેમજ અન્ય બે બુકીને પકડવા પોલીસે તજવીજ હાથ ધરી છે. પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ અમદાવાદના સીજી રોડ પર આવેલી પ્રેસીડેન્ટ હોટલ પાસેના ચિત્રતીર્થ એપાર્ટમેન્ટમાં આઈપીએલની ફાઈનલ મેચ પર સટ્ટો રમાડતો હોવાની બાતમીના આધારે પીસીબીએ દરોડા પાડ્યા હતા. નારણપુરામાં રહેતા રવિ દિનેશ આપલાણી અને ભાર્ગવ દિલીપ ગજ્જરની ધરપકડ કરી હતી. પોલીસને આરોપી પાસેથી સાત મોબાઈલ, એલસીડી ટીવી અને લેપટોપ મળીને અંદાજે રૂપિયા ૮૫૬૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. આરોપીઓ પાસેથી વધુ બે બુકીઓની કડી મળતા તેમની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

આ બુકીઓ ઘણા સમયથી સટ્ટો રમાડતા હતા જેને પગલે પોલીસને આરોપીઓ પાસેથી મળેલા લેપટોપ અને મોબાઈલની માહિતી મેળવીને આ રેકટમાં સંડોવાયેલા વધુ આરોપીઓ સુધી પહોંચવા માટે તજવીજ હાથ ધરી છે.

# જેડાએ મહિલાઓ માટે ઊર્જા સંરક્ષણ કાર્ય શિબિર યોજી

ગાંધીનગર, તા. ૨૫

પ્રવર્તમાન ગુજરાત સરકારનું સફળતાપૂર્વક એક વર્ષ પુરૂ થયાની ઉજવણીના ભાગરૂપે ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી, ગાંધીનગર અને ક્લાઈમેટ ચેન્જ વિભાગ, ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે આજે સોમવારે મહિલાઓ માટે ઊર્જા સંરક્ષણ કાર્યશિબિર યોજાઈ હતી.

જીસીઈઆરટી વિદ્યામંદિર ખાતે યોજાયેલ આ અર્ધદિવસીય કાર્યશિબિરમાં સમાજમાં દરેક ક્ષેત્રે પાયાની ભૂમિકા ભજવતી મહિલાઓને ઘરમાં ઊર્જા ક્યાં ક્યાં અને કેવી રીતે બચાવી શકાય તે વિશે તેમજ વિવિધ પુનઃ પ્રાપ્ત ઊર્જા સ્ત્રોતો અને ઊર્જા સંરક્ષણ અંગે પાયાની જાણકારી પુરી પાડવામાં આવી હતી.

ઉક્ત કાર્યશિબિરમાં ગાંધીનગરમાં કાર્યરત વિવિધ મંડળો, ગાયત્રી પરિવાર, જલારામ સેવા સમાજ, સહેલી, લાયન્સ, જૈન મહિલા સમાજ, પ્રેરણા વિદ્યાલય, આંગણવાડી કાર્યકરો, સેવા સંસ્થા, સરકારના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ તેમજ ક્લાઈમેટ ચેન્જ વિભાગના બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ૩૦૦ થી વધુ સંખ્યામાં ઉપસ્થિત આ બહેનો ઊર્જા જાગૃત બની, દીવે દીવો પ્રગટાવી સમસ્ત ગાંધીનગરને ઊર્જાવાન બનાવશે.

કાર્યશિબિરનું ઉદ્ઘાટન ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હિનાબહેન પટેલે કર્યુ હતુ. સમારંભમાં જેડાના અધ્યક્ષ ઈશ્વરભાઈ ભાવસાર, નિયામક જે.ટી. અખાણી અને ક્લાઈમેટ ચેન્જ વિભાગના નયાબ સચિવ આનંદ ઝીંઝાલાએ ઉદ્બોધનથી માહિતી આપી હતી.

જેડાના નિયામકે પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે પુનઃ પ્રાપ્ત ઊર્જા અને ઊર્જા સંરક્ષણ ક્ષેત્રે જેડાની ભૂમિકા બહુ પાયાની રહી છે. અને મહિલાઓ જેટલી ઊર્જા સભાન બનશે તેટલો સમાજ વિકસશે. જેડાના અધ્યક્ષે જણાવ્યુ હતુ કે રાજયના દરેક ગામડા વીજ સુવિધાથી લાભાન્વિત છે ત્યારે ઊર્જા બચતની સંભાવના વધી જાય છે. ક્લાઈમેટ ચેન્જના નયાબ સચિવ આનંદ ઝીંઝાલાએ ક્લાઈમેટ ચેન્જ ક્ષેત્રે ગુજરાત દેશભરમાં જ નહી, એશિયાભરમાં પ્રથમ છે તે વાત દોહરાવી હતી. સમારંભના પ્રમુખ હિનાબહેન ભારપૂર્વક કહ્યું હતું કે, એવુ કોઈ કાર્ય નથી, જે મહિલા ના કરી શકે.

મહાનુભાવોના પ્રાસંગિક ઉદ્બોધનો બાદ જેડાના બે સિનિયર અધિકારીઓ શ્રીમતી અમિતાબેન પંડ્યા અને શ્રીમતી સ્મિતાબેન પરીખે સહ તાલીમાર્થી બહેનોને ઘરમાં ઊર્જા બચત તેમજ વિવિધ પુનઃ પ્રાપ્ત ઊર્જાઓનો અને ઊર્જા સંરક્ષણ વિશે રસપ્રદ શૈલીમાં પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન રજૂ કરી માહિતી પુરી પાડી હતી. બન્ને વક્તવ્યો ખૂબ જ માહિતીપ્રુચુર તેમજ સહુને ઉપયોગી અને માર્ગદર્શક હતા. ખાસ કરીને મહિલાઓ માટે જેડા દ્વારા યોજાયેલ આ કાર્યશિબિરને અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડ્યો હતો.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૬
સૂર્યાસ્ત : ૭.૨૦

## તાપમાન

મહત્તમ : ૪૨.૪ ડિ.સે.
લઘુત્તમ : ૨૯.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૩ ટકા ● સાંજે ૨૫ ટકા

## મનોરંજન

### સિનેમેક્સ

**સ્ક્રીન-૧ :**
બોમ્બે વેલ્વેટ : ૯.૨૦, ૧૨.૩૦, ૩.૪૦, ૬.૫૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :**
બોમ્બે વેલ્વેટ : ૧૧.૩૦, ૫.૫૦, ૧૦.૦૦
બે યાર : ૨.૪૦

**સ્ક્રીન-૩ :**
પીકુ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪ :**
ગબ્બર ઈઝ બેક : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૨૫, ૧૦.૨૦
એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦

### સિટીપલ્સ

**સ્ક્રીન-૧ :**
બોમ્બે વેલ્વેટ : ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :**
બોમ્બે વેલ્વેટ : ૧૨.૩૦
પીકુ : ૧૦.૦૦, ૩.૧૫, ૧૦.૧૫, ૪.૪૫.

**સ્ક્રીન-૩ :**
મેડ મેક્સ (ઈંગ્લીશ) ૨.૪૫, ૭.૪૫
મેડ મેક્સ (હિન્દી) ૧૨.૪૫, ૫.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૪ :**
જો બકા : ૧૦.૦૦
ગબ્બર ઈસ બેક : ૭.૦૦
પીકુ : ૧૨.૪૫

**સ્ક્રીન-૫ :**
બોમ્બે વેલ્વેટ : ૧૦.૦૦
પીકુ : ૬.૪૫
ગબ્બર ઈસ બેક : ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

**વૃષભ** : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

**મિથુન** : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે.માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

**કર્ક** : નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

**સિંહ** : વ્યાપાર-વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

**કન્યા** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર-ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

**તુલા** : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે. સત્સંગ થશે.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

## ચિરવિદાય

- સ્વ. મંજુલાબેન રામચંદ્ર નાયક (ઉ.વ.૫૬) બ્લોક નં. ૧૧૩/૧, છ-ટાઈપ, સેકટર-૨૯, ગાંધીનગર
- સ્વ. બચુભાઈ છોટાભાઈ દંતાણી (ઉ.વ.૭૫) મુ. અડાલજ, શિવપુરી હોડકા, તા.જી. ગાંધીનગર
- સ્વ. જયશ્રીબેન ગીરીધર રાવ (ઉ.વ.૫૦) પ્લોટ નં. ૯૨, સેકટર-૮બી, ગાંધીનગર